ભારતીય સંસ્કૃતિમાં તહેવારો અને ઉત્સવોનું અનોખુ સ્થાન છે. દેશના કોઈને કોઈ ખુણે દરરોજ કોઈક તહેવાર તો ઉજવાય જ છે. શ્રાવણ માસ એટલે વ્રતો, પર્વો, ઉત્સવોનો મહિનો. આ પર્વો-ઉત્સવોથી જ આપણા દેશની સંસ્કૃતિનો મહિમા વિદેશોમાં પણ છે. સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગ્રામ હેઠળ ગાંધીનગરમાં મુકેશભાઈ શુકલની મહેમાન બનેલી ઈટાલીની સોફીઆ પગાનેલ્લી ભારતીય સંસ્કૃતિને જાણવા અને સમજવાનો પ્રયાસ પર્વો-ઉત્સવો થકી કરી રહી છે. આપણે ત્યાં ખુબ જ ઉલ્લાસપૂર્વક ઉજવાતા રક્ષાબંધનની ઉજવણી સોફીયાએ શુકલ પરિવાર સાથે ખુબજ ઉલ્લાસભેર કરી હતી. (તસવીર : દિપક જાની)

શહેરના માર્ગોને ચકાચક બનાવવા તંત્ર નવી દરખાસ્ત તૈયાર કરશે

માર્ગ નવીનીકરણના વિવિધ ૭ કામો આવરી લેવા દરખાસ્ત કરાશે

ગાંધીનગર, તા.૨૦

શહેરના માર્ગો વરસાદી પાણીમાં ઘમરોળાયા બાદ મોટા ભાગના રસ્તાઓ ઉબડ ખાબડ બની ગયા છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા માર્ગોની સફાઈ ઉપરાંત સ્પ્રેની કામગીરી શરુ કરી દેવાઈ છે. જયારે દિવાળી પૂર્વે શહેરનું રોડ નેટવર્ક ચકાચક બનાવવા માર્ગ નવીનીકરણની બાકી કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા નવેસરથી દરખાસ્ત તૈયાર કરવાનો નિર્ણય લેવાયો છે.

છેલ્લા બે મહીનાથી સતત વરસાદ વરસતા શહેરમાં વરસાદી સમસ્યાઓએ ઘેરો નાંખ્યો છે. બીજી તરફ સતત ટપકતા વરસાદી પાણીના લીધે નગરના માર્ગોનું ધોવાણ થતા રસ્તાઓની હાલત કફોડી થઈ છે. શહેરમાં હાલ મોટાભાગના રસ્તાઓ કાચબાની પીઠ જેવા થઈ ગયા છે. બીજી તરફ શહેરના જૂના સેકટરોના આંતરિક માર્ગો ઉપરાંત ઉભા માર્ગોના નવીનીકરણનું કામ બાકી રહી ગયું હોવાથી આ માર્ગોની હાલત અત્યંત દયનીય બની છે. ખરબચડા માર્ગો પર વરસાદી પાણીનો ભરાવો થતા રસ્તાઓ પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. છેલ્લા બે દિવસથી ઉઘાડ નીકળતા તંત્ર દ્વારા માર્ગોની સફાઈ તેમજ ડામરની કાંકરીઓ ઉડતી અટકાવવા સ્પ્રેની કામગીરી શરુ કરી દેવાઈ છે. જયારે માર્ગ સુધારણાની યોજના અન્વયે બાકી રહેતા રસ્તાઓનું નવીનીકરણ હાથ ધરવા નવેસરથી દરખાસ્ત કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં શહેરના 'ક' અને 'ગ' માર્ગ ઉપરાંત અન્ય ઉભા રસ્તાઓને પણ સમાવી લેવામાં આવશે. સે-૨૦ થી ૩૦ના માર્ગોની સુધારણા અન્વયે અગાઉ ખાસ મરામત હેઠળ વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવી હતી પરંતુ લાંબા સમયના અંતે પણ દરખાસ્તને મંજુરી ન મળતા આ કામગીરી હજુ સુધી થઈ શકી નથી. જેના પરીણામે સ્થાનિક રહીશોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. સ્થાનિક કોર્પોરેટરો પણ આ મામલે રજૂઆત કરીને થાકી ગયા છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરમાં મુખ્યમંત્રીના નિવાસસ્થાને આજે રક્ષાબંધન પર્વની ઉજવણીમાં દેશભરના વિવિધ રાજ્યોની મહિલા પ્રતિનિધિઓ તેમજ વિદેશની કેટલીક મહિલા પ્રતિનિધિની હાજરી સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.
- ગાંધીનગર શહેરની સ્ટ્રીટલાઈટોને પુરા વોલ્ટેજથી વીજપ્રવાહ પ્રાપ્ત નહિ થતો હોવાને કારણે તે ઝબુકિયા બની પ્રકાશ રેલાવી રહી છે.
- ગાંધીનગર શહેરમાં પુરા ફોર્સથી પાણી પુરવઠો પણ પુરેપુરો સમય નહિ અપાતો હોવાની ફરિયાદો ઉઠી છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય અધિકારી ડૉ. દિનેશ બારોટના સાળાનું અવસાન મહેસાણા ખાતે અકસ્માતમાં થયું છે.
- કાલુપુર સ્વામિનારાયણ મંદિરના આચાર્ય કૌશલેન્દ્રપ્રસાદજીનો જન્મ દિવસ વિજયાદશમીના દિવસે ગાંધીનગરમાં ધામધૂમથી ઉજવાશે.
- જિલ્લામાં પેન્શન કેસોના નિકાલની કામગીરીમાં ગતિ લાવવા કલેક્ટરશ્રીએ તાકીદ કરી છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના મિલ્કતવેરા સહિત અન્ય વેરા વસુલાતનો સમય સોમથી શુક્ર દરમ્યાન ૧૧ થી ૪ અને શનિવારે ૧૧ થી ૨ નો રાખવામાં નિર્ણય કર્યો છે તેમ ડે. મ્યુનિ. કમિશ્નરશ્રીએ જણાવ્યું છે.
- શહેરની સરકારી કચેરીઓના ટોયલેટ તેમજ જાહેર સફાઈને લઈ પણ પ્રશ્નાર્થો ઉભા થયા છે.
- આર.એસ.એસ. દ્વારા ઝુંપડપટ્ટી વિસ્તારમાં રક્ષાબંધન યોજાયું હતું.

ગીફ્ટસિટીને જોડતા બ્રિજની કાર્યયોજના નમૂનારૂપ બનશે

સિગ્નેચર બ્રિજ જેવો લૂક અપાશે : ૫૦૦ કરોડના બદલે ૬૫ કરોડ ખર્ચાશે

ગાંધીનગર, તા. ૨૦

ગીફ્ટ સીટીને જોડતા બ્રિજનું કામ ટૂંકમાં શરૂ થનાર છે. સિગ્નેચર બ્રિજ બાંધવાનું કામ અત્યંત ખર્ચાળ છે. પરંતુ વિભાગના ઈજનેરો દ્વારા આ મામલે યોગ્ય અભ્યાસ કરી ટૂંકા ગાળામાં અ ા ખ ર ી

ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. જેના લીધે આ બ્રિજના નિર્માણ માટે ૫૦૦ કરોડના બદલે માત્ર ૬૫ કરોડનો ખર્ચ થશે ! જયારે બિઝનસ હબ બનતા ગીફ્ટ સીટીને જોડતા આ બ્રિજનો આઉટલૂક પણ સિગ્નેચર બ્રિ ૪ જ જેવો જ દેખાશે. કેબલ સેડ બ્રિજ આ વિસ્તારમાં આકર્ષણનું કેન્દ્ર પણ બનશે.

દેશ-વિદેશના મોટા શહેરોમાં હાઈટેક રોડ નેટવર્કને અદ્યતન લૂક આપવા સિગ્નેચર બ્રિજ બાંધવાની કાર્યયોજના હાથ ધરવામાં આવે છે. જ્યારે ગાંધીનગર નજીક આકાર લેતા ગીફ્ટસીટીને અનુલક્ષીને પણ આ પેટર્ન મુજબ બ્રિજ બાંધવાનું નવતર આયોજન કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે આ પ્રકારના બ્રિજ બાંધવાનું કામ અત્યંત ખર્ચાળ હોવાનું મનાય છે. ગીફ્ટ સીટીના હાઈપ્રોફાઈલ વિસ્તારમાં અનેકવિધ તોતિંગ ટાવરો ઉભા કરવામાં આવી રહ્યા છે ત્યારે રોડનેટવર્ક પણ નમૂનારૂપ બનાવવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે. ગીફ્ટસીટીથી પી.ડી.પી.યુ.ના વિસ્તારને જોડવા કરોડોના ખર્ચે બ્રિજ બાંધવાનું આખરે આયોજન કરી દેવાયું છે. જ્યારે તદન સિગ્નેચર બ્રિજ જેવો આઉટલૂક આપવામાં બ્રિજના નિમાર્ણ માટે ઓછા ખર્ચે કેવલ સેડ બ્રિજ બાંધવાનું કામ હાથ ધરવામાં આવનાર છે. માર્ગ-મકાન વિભાગમાં આલેખન-વર્તુળના અધિક્ષક ઈજનેર એસ.કે. પટેલ આ મામલે ઉંડો અભ્યાસ કરી ટુંકા ગાળામાં આયોજન કર્યુ છે. જેના લીધે માત્ર ૬૫ કરોડના ખર્ચે આ બ્રિજનું કામ હાથ ધરાશે. પી.એમ.સી. ગડર બેઈઝમાં બ્રિજનું કામ કરવામાં આવશે. અલબત્ત ઓછા ખર્ચે નમૂનારૂપ બ્રિજ નિર્માણ થાય તે મુજબનુ આયોજન કરાયું છે.

ડહોળું પાણી - ગાંધીનગરમાં છેલ્લા એક મહિનાથી ડહોળા પાણીની ફરિયાદ વ્યાપક બનતી જાય છે. ખાસ કરીને જુના સેક્ટરો અને નવા સેક્ટરો ૭, ૮માં ડહોળા પાણીની ફરિયાદ રોજીંદી બની રહી છે. જ્યારે પાણીજન્ય રોગો માથુ ઉચક્યું છે ત્યારે તંત્રે તાકિદે ડહોળા પાણીની તપાસ કરી ફરિયાદનો નિકાલ કરવાની આવશ્યકતા અતિ જરૂરી બની છે. (તસવીર : કશ્યપ નિમાવત)

માહિતી આપવામાં શાળાઓના ઠાગા-ઠૈયા

અમદાવાદ, તા.૨૦

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા દરેક શાળાને પોતાની માહિતી ફરજીયાત પણે વેબસાઈટ પર મુકવા ફરમાન કર્યું છે જો કે આમ ઉઘાડનારી વાસ્તવિકતા એ છે કે શાળાઓ પોતાની માહિતી જાહેર કરવામાં ઠાગા-ઠૈયા કરે છે. અમદાવાદની જ વાત કરીએ તો શહેરની શાળાઓની વેબસાઈટ ચકાસતા જાણવા મળ્યું કે મોટાભાગની શાળાઓની વેબસાઈટ તો છે આ ઉપરાંત બોર્ડે માંગેલી માહિતી પણ ઉપલબ્ધ કરાવી છે પરંતુ આ શાળાઓએ જે માહિતી મુકી છે તે અધુરી અને છુટી છુટી છે અમુક શાળાઓએ શિક્ષકોના નામ અને શૈક્ષણિક યોજનાનો જાહેર કરી છે. જો કે તેની સાથે તેમનો પગાર કેટલો છે તેમની શૈક્ષણિક લાયકાત અને અનુભવની માહિતી આપવામાં આવી નથી.

સ્વાતંત્ર્ય દિન અને રક્ષાબંધન પર્વની ધારાસભ્ય દ્વારા અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૨૦

સુતરના તાંતણે લાગણીનું અનોખુ બંધન દર્શાવતુ ઉદાહરણ આજે રક્ષાબંધનના દિવસે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોકભાઈ પટેલે આપ્યું છે. તેમણે ગાંધીનગર શહેરમાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં જઈ ઝુંપડપટ્ટીની બહેનો સાથે સંપૂર્ણ દિવસ રહી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. તેમજ થોડા દિવસ પહેલા ભારતના સ્વાતંત્ર્ય દિવસના અવસરે પણ ધારાસભ્યશ્રીએ આજ રીતે ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહી તેમની સાથે હર્ષોલ્લાસથી સ્વાતંત્ર્ય પર્વ મનાવ્યો હતો.

ગાંધીનગર ઉત્તર મત વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ રણછોડભાઈ પટેલ દ્વારા સ્વાતંત્ર્ય દિન તેમજ રક્ષાબંધન પર્વની ઉજવણી ખુબજ સાદગી તેમજ સમાજમાંથી તરછોડાયેલા વર્ગ સાથે કરી સમાજના બીજા કહેવાતા નેતાઓને માટે ઉત્તમ ઉદાહરણરૂપ કામ કર્યુ છે. તેમજ તેમણે આ પર્વની ઉજવણી માત્ર નહી પરંતુ સવારથી લઈ સાંજ સુધી આ ઝુંપડપટ્ટીના બાળકો, અબાલ વૃદ્ધો તેમજ મહિલાઓની સાથે કરી હતી. તેમણે સ્વાતંત્ર્યતાના દિવસે બાળકોને ચોકલેટ તેમજ મીઠાઈનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમણે આજ રીતે રક્ષાબંધનની ઉજવણી પણ પોતાના સાથી કાર્યકરોની સાથે સેવા વસ્તી એટલે કે ઝુંપડપટ્ટીના વિસ્તારોમાં મનાવી હતી. જે રીતે આવા પર્વોમાં બીજા નેતાઓ હાઈપ્રોફાઈ લોકો સાથે ઉજવતા હોય છે. તેનાથી બીલકુલ વિપરીત રીતે ગાંધીનગરના ધારાસભ્ય ઉજવણી કરી રહ્યા છે. તેમાં તેમની સાદગી પણ દેખાય છે. પોતે તે આવા પર્વો સમાજમાં મધ્યમવર્ગ અને અતિ ગરીબ વર્ગ સાથે મનાવી સમાજમાં ખુબજ ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યુ હતુ. ધારાસભ્ય દ્વારા સેક્ટર-૨૮, જીઈબી, તેમજ સેક્ટર-૧ ઉની ઝુંપડપટ્ટીમાં જઈ સ્વાતંત્ર્ય પર્વ તેમજ રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમાં તેમની સાથે વોર્ડ પ્રમુખ કીર્તીભાઈ પટેલ, કાનજીભાઈ, સાવિત્રીબેન સોલંકી તેમજ ગોવિંદભાઈ કોર્પોરેટર પણ તેમની સાથે જોડાયા હતા. આમ તો આવા પર્વોમાં રાજકારણ રાખ્યા વગર સમાજના દરેક વર્ગને સાથે રાખી જે પણ કામ ધારાસભ્ય દ્વારા થયું છે તે આજના રાજકારણમાં ચોક્કસ નમુના રૂપ માનવામાં આવે છે.

પવિત્ર શ્રાવણ માસમાં ભક્તિ પરંપરા મુજબ હિંડોળા મહોત્સવ ધામધૂમથી ઉજવાતા હોય છે. આવતીકાલે હિંડોળા ઉત્સવ પરીપૂર્ણ થાય છે ત્યારે સ્વામિનારાયણ સંપ્રદાયના ગાંધીનગરના સૌપ્રથમ બનેલા સે. ૨૩, સ્વામિનારાયણ મંદિરમાં આખો મહિનો દરરોજ વિવિધ કલામય હિંડોળામાં ભગવાનને ઝુલાવાયા હતા. હજારો ભાવિકો દર્શનાર્થે આવે છે. આજે સુકામેવાના અને આવતીકાલે બહુરંગી મોતીકલાના અદ્‌ભુત હિંડોળાના દર્શન થશે.

શ્રાવણીયા જુગારમાં અત્યાર સુધીમાં ૧૪૫ જુગારી પકડાયા

જિલ્લામાં પોલીસે પાડેલા વિવિધ દરોડાઓમાં ૧૪૫ જુગારીઓને પકડીને ૧૩.૪૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો : સાતમ-આઠમ માટે પોલીસની માફક જુગારીઓ પણ તૈયાર

ગાંધીનગર, તા. ૨૦

અડધો શ્રાવણ માસ થઈ ગયો છે. શ્રાવણ શરૂ થયો તેના પખવાડીયા પહેલાથી જ જુગારીઓએ નેટ પ્રેકટીશ શરૂ કરી દીધી હતી. અત્યાર સુધીમાં શ્રાવણીયા જુગારના રંગમાં આવેલા જિલ્લાના ૧૪૫ જેટલા જુગારીયોના 'બોર્ડ માહોલ'માં પોલીસે ભંગ પાડી જુગારીઓને સકંજામાં લઈ લીધા છે. અત્યાર સુધીમાં ૧૪૫ જુગારીઓની ધરપકડ કરીને કુલ રૂ. ૧૩.૪૦લાખનો મુદ્દામાલ જિલ્લા પોલીસે જપ્ત કર્યો છે. નોંધવું રહેશે કે હજુ તો શ્રાવણ જામી રહ્યો છે. સાતમ-આઠમમાં બમણા જુગારીયો પકડાય તો નવાઈ નહી...!

એક તરફ પોલીસ જુગારીઓને પકડવા માટે એક્શન પ્લાન ઘડીને ટીમો તૈયાર કરી જુગારીઓ પકડવા દોડાવી રહી છે તો બીજી તરફ પોલીસને ગંધ પણ ન આવે તેવા સ્થળો શોધીને જુગારીઓ બાજી માંડવા તૈયાર થઈ ગયેલા છે. શ્રાવણ મહિનાનાં પંદર દિવસ પહેલાથી માંડીને અડધો શ્રાવણ મહિનો પુરો થયો ત્યાં સુધીમાં એક મહિનામાં જિલ્લા પોલીસની વિવિધ ટીમે અલગ-અલગ સ્થળોએ દરોડો પાડીને જીલ્લામાંથી ૧૪૫ જુગારીઓને પકડી પાડ્યા છે. રૂ. ૧૩.૪૦ લાખનો મુદ્દામાલ જપ્ત જિલ્લા પોલીસ દ્વારા એક મહીનામાં જુગારના કેશમાં કરવામાં આવ્યો છે. હજુ સાતમ-આઠમ બાકી છે. આ જુગારીયોના આંકમાં બમણો વધારો થાય તેવી શકયતા નકારી શકાય નહી. ઉલ્લેખનીય છે કે કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં જુગારની રેડ પડ્યા બાદ ઉપરી અધિકારીને જાણ ન થાય તે રીતે રેડ 'તોડ' થઈ ગયાના કિસ્સા પણ ધ્યાને આવ્યા છે.

Y.A. MANSURI M. : 9824045503
SANJAY S. SHAH P. Manabhai Medical
Since 1986
॥ અભય ॥
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage • Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-25, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25582043
email : info@abhaydecorators, www.abhaydecorators.com

લીકેજ-મુક્ત ઘરો માટે
Ultratech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing the champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૬૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

વેણુ ભારતી
નીતિન દવે : ૯૩૪૪૮ ૭૫૯૬૨
ગરબા ડ્યારા
નવરાત્રી ઉત્સવ પ્રસંગ-ગરબાની પાઠશિબિરની તાલીમ
સ્થળ : ગાંધીનગર મહાનગર પાલિકા, સેક્ટર-૧૬, ગાંધીનગર
નીતિન મીઠાણા (પપ્પુ) ૯૮૯૧૯ ૪૪૬૬૩
દિનેશ દવે ૯૪૧૧૯ ૩૬૧૩૯
ફી ૯૫૧૧૯ ૩૬૧૩૯

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ માપના ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં ઘરાકની માંગ મુજબ
પ્લોટ નં. ૧૭૦, વિકાસમાં પેટ્રોલ પંપની સામે, સરગાસણ ગાંધીનગર, સેક્ટર-૧૭, ગાંધીનગર.
ફોન : (૧૬૬) ૬૬૬૬૧૧૧૧, ૬૬૬૬૬૬૬૬, ૬૬૬૧૬૬૬૬, મો. : ૯૯૨૧૧ ૬૬૬૬૬.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, ક્રપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮ ૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com